# બાયડમાં પ્રધાનમંત્રી સડક યોજના હેઠળ થઈ રહેલા ઘોડનાલ-ચાંદરેજ માર્ગની તપાસની માંગ

## હલકું મટીરીયલ્સ તથા ટેન્ડરની શરત મુજબ કામ નથી, સર્કલ કાર્યપાલક ઈજનેરને રજૂઆત




બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨
બાયડ તાલુકામાં તંત્રના ભ્રષ્ટ અધિકારીઓની મીલીભગતના કારણે ડામર રોડના કામ અને પુરણમાં મોટાપાયે ખોટું થઈ રહ્યું છે. પ્રધાનમંત્રી સડક યોજના હેઠળ ઘોડનાલ થી માણેકપુર વાયા ચાંદરેજ-લીંબ જતા રોડમાં હલકું મટીરીયલ્સ તેમજ સાઈડનું પુરણ ટેન્ડરની શરત મુજબ થયું નથી જેથી અત્યાર સુધી થયેલા પેચ વર્ક સહિતની તપાસ કરવા ભાજપના અગ્રણી અને પૂર્વ જિલ્લા પંચાયત સદસ્ય અદેસિંહ ચૌહાણે સર્કલ કાર્યપાલક ઈજનેર-ગાંધીનગરને રજૂઆત કરતાં હલચલ મચી છે.

સરકાર દ્વારા વિકાસના કામો ગુણવત્તા યુક્ત થાય તે માટે કોન્ટ્રાક્ટરો પાસે કામ પૂર્ણ થયા પછી પણ ૩ વર્ષની વોરંટીની લેખિત બાંહેધરી લેવામાં આવે છે પરંતુ જિલ્લામાં થયેલા અનેક વિકાસના કામો માટીની જેમ ઢગલો થઈ જવા છતાં જે તે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત કે પાલિકા વિસ્તારમાં એકપણ કોન્ટ્રાક્ટર સામે કાર્યવાહી કરીને બ્લેક લીસ્ટ કર્યા હોય તેવી વિગતો પ્રજા સમક્ષ આવી નથી. ઘણા વર્ગો પછી સરકારમાં યોગ્ય રજૂઆત થઈ અને ઘોડનાલ થી ચાંદરેજ-લીંબ રોડના નવીનીકરણ અને પહોળો કરવા માટે પ્રધાનમંત્રી સડક યોજનામાં લાખો રૂપિયાની ફાળવણી થયા પછી કોન્ટ્રાક્ટર અને સરકારી બાબુઓએ આ વિસ્તારની પ્રજા ઉપર ઉપકાર કર્યો હોય તેમ અત્યંત મંથરગતિએ કામ ચાલી રહ્યું છે. આ વિસ્તારના અને ભાજપના અગ્રણી અદેસિંહ ચૌહાણે પ્રધાનમંત્રી સડક યોજના હેઠળ થઈ રહેલા રોડના કામમાં સાઈડોનું યોગ્ય ખોદાણ ટેન્ડરની શરત મુજબ થયું નથી. સાઈડો પૂર્યા પછી પીચીંગ માટે પણ પાણીનો છંટકાવ કરવામાં આવ્યો નથી તેમજ સાઈડોના દબાણ માટે યોગ્ય રોલર ફેરવવામાં આવ્યું નથી. તપાસ થાય તો ટેન્ડરની શરતોનો ભંગ થયાનું જણાઈ આવશે તે અંગે અરવલ્લી જિલ્લા કાર્યપાલક ઈજનેર તેમજ સર્કલ કાર્યપાલક ઈજનેર-ગાંધીનગરને લેખિત રજૂઆત કરી સડકના કામની તપાસની માંગ કરી છે.

### આજે અનેરો દિવસ

# ઉત્તર ગુજરાતમાં આજથી ચૈત્ર નવરાત્રિની શરૂઆત, ગુડી પડવો, ચેટીચાંદની ઉજવણી



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨
કોરોનાએ શું સ્થિતિ કરી છે, મંદિરમાં બેઠેલી દેવમૂર્તિઓને પણ મંદિરમાં પુરાઈ રહેવાની સ્થિતિ છે. આજે મંગળવાર ઉત્તર ગુજરાત માટે અનેરો દિવસ છે. આજથી અનુષ્ઠાન માટેનું મહત્વનું ગણાતું ચૈત્રી નવરાત્રિ પર્વ શરૂ થઈ રહ્યું છે. સાથે ગુડી પડવો અને ચેટીચાંદ છે. કોરોનાના કારણે કેટલીક આચારસંહિતા અમલી છે જેથી ગુડી પડવો અને ચેટીચાંદ પર્વની સાદગીપૂર્વક ઉજવણી થશે.

ચૈત્ર નવરાત્રિ આવે એટલે અનુષ્ઠાનનું આગવું મહત્વ છે. ચૈત્ર નવરાત્રિને લઈને અનેક દેવમંદિરોમાં આગોતરાં આયોજન કરાયાં હતાં પરંતુ ત્યાર પછી કોરોનાની સ્થિતી વિસ્ફોટક બન્યા પછી આવાં આયોજનો રદ કરવાં પડ્યાં છે કાં તો ટૂંકાવવાં પડ્યાં છે. ચૈત્રી નવરાત્રિ દરમ્યાન ગાયત્રી શક્તિપીઠમાં ખાસ અનુષ્ઠાન યોજાય છે. ગાયત્રી શક્તિપીઠ-બાયડ દ્વારા પણ કોરોના મહામારીને પરાસ્ત કરવા તેમજ સમગ્ર વિશ્વમાં પર્યાવરણ, પાણી, જમીન, આકાશ અને લોકોના વિચારોની અંદર વિકૃતિ આવી છે તે દૂર થાય તે માટે સૌ ભેગા મળીને ગાયત્રી મહામંત્રનું અનુષ્ઠાન ચૈત્ર માસમાં ઘરમાં શકય હોય તો દરેક વ્યક્તિને કરવા માટે આહવાન કરવામાં આવ્યું છે. સાધકે નવરાત્રિમાં રોજ ૩૧ માળા ગાયત્રી મહામંત્રી, ૧ માળા મહામૃત્યુંજન મંત્ર અને ૧ માળા કલીબીજ મંત્રની કરવા માટે જણાવ્યું છે. આજથી શરૂ થતું ચૈત્ર નવરાત્રિ પર્વ ૨૧ એપ્રિલ ચૈત્ર સુદ-નોમના દિવસે પૂર્ણ થશે. આજે સવારે ૮-૨૮ થી ૧૧-૩૬ના શુભ મુહર્તમાં નવરાત્રિ માટેનું ઘટસ્થાપન શુભ ગણાશે ત્યારબાદ બપોરે ૧૨-૧૫ થી ૧.૦૨ કલાક સુધી અભિજીત મુહર્ત હોવાનું જ્યોતિષીઓ જણાવી રહ્યા છે. મંગળવારથી ચૈત્ર નવરાત્રિ શરૂ થાય છે જેથી માતાજીનું વાહન ઘોડો છે. ઘોડાની પોતાની તાસિર મુજબ ખુબ મહેનતું અને કાર્યરત છે જેથી સંકેત મુજબ આ વર્ષે મહેનતવાળું અને મહેનત કર્યા પછી જ ફળ મળશે તેવું જ્યોતિષીઓ જણાવી રહ્યા છે.

**મોટાભાગના દેવમંદિરો કોરોના સંક્રમણથી બંધ, ભક્તોને ઘેર બેસી પૂંજા કરવી પડશે**

# અમદાવાદમાં નવનિર્માણ આંદોલનમાં અગત્યનો ભાગ ભજવનાર અશોક દેસાઈને કોરોના ભરખી ગયો

## સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના આંજણા પાટીદાર સમાજમાં શોક



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨
કાળમુખા કોરોનાએ અનેક વિભૂતિઓનો ભોગ લીધો છે. ઈડર તાલુકાના ભદ્રેસરના અને અમદાવાદમાં રહી અભ્યાસ કરનાર અશોકભાઈ વિરસીંગભાઈ દેસાઈને કોરોના ભરખી ગયો છે. ૩ દાયકા અગાઉ અમદાવાદમાં થયેલા નવનિર્માણ આંદોલનમાં તેમને અગત્યનો ભાગ ભજવ્યો હતો. અશોક દેસાઈને કોરોના ભરખી જતાં તેમના અંગત મિત્રો એવા નરહરી અમીન(રાજ્ય સભા સાંસદ) વગેરેએ ઉંડા આઘાતની લાગણી વ્યક્ત કરી છે.

આ અંગે વિગતો આપતાં મોટાકોટડા ગામના કેશુભાઈ પટેલે જણાવ્યું કે કોરોનાની બીજી લહેર વધુ ખતરનાક બની રહી છે. પ્રજાએ સ્વયં સાવધ રહેવું પડશે નહીંતર કોરોનાથી બચવું મુશ્કેલ થઈ શકે છે. ઈડર તાલુકાના ભદ્રેસરના અશોકભાઈ દેસાઈ કોરોનાથી સંક્રમિત થતાં ગાંધીનગરની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં જ્યાં કોરોના સામેના જંગમાં ૧૨ દિવસ વેન્ટીલેટર ઉપર રહ્યા પછી મોત નિપજ્યું છે. ભદ્રેસરના મુખી પરિવારમાં એક બૌદ્ધિક વ્યક્તિ તરીકેની તેમની છાપ હતી. અમદાવાદમાં કોલેજ કાર્યકાળ દરમ્યાન અનેક આંદોલનમાં તેઓ જોડાયા અને નવનિર્માણ આંદોલનમાં તેઓ એક હિસ્સો બન્યા હતા અને તે આંદોલનના યુવા નેતા નરહરી અમીન, સાગર રાયકા, પ્રવિણ રાવલ, ઉમાકાંત માંકડના તે સાથીદાર તરીકે રહ્યા હતા. આંજણા પાટીદાર સમાજના સપૂતને કોરોના ભરખી જતાં પરમ પૂજ્ય શાંતિગીરી મહારાજ(વડીયાવીર), પૂજ્ય મોટા રમેશભાઈ ઓઝા, શેઠ હરીભાઈ વેલજીભાઈ ચૌધરી વગેરેએ તેમને શ્રદ્ધાંજલિ આપી હતી પરિવારજનોને સાંત્વના પાઠવી છે.

# બાયડ પાલિકા વિસ્તારમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓ ઉપર મેસેજનો મારો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨
બાયડ પાલિકા વિસ્તારમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આવાસ ઝંખતા ૧૫૦ થી વધુ લાભાર્થીઓને ચોથો-પાંચમો હપ્તો મળ્યો નથી. જયારે ૨૦૦ જેટલા લાભાર્થીઓએ આવાસ યોજનાનો લાભ લેવા માટે ફોર્મ ભર્યા અને કંપનીના નિયુક્ત કર્મચારીએ રૂા.૨૦૦૦-૨૦૦૦ ઉસેડીને પણ ફોર્મ જમા ન કરાવતાં એકમાત્ર ગાંધીનગર સમાચારમાં અહેવાલ પ્રસિદ્ધ થયા પછી હડકંપ મચ્યો છે અને હવે આવાસ યોજનાના લાભાર્થીઓ ઉપર મેસેજ મારો શરૂ થયો છે જેમાં પ્લીન્થ-ફાઉન્ડેશન લેવલના જી.ઓ. ટેગ કરેલ ન હોવાથી હપ્તાની દરખાસ્ત રદ તેમજ કેટલાક કિસ્સાઓમાં એડવાન્સ/પ્રથમ હપ્તાની ચૂકવણી માટે લાભાર્થીની યાદી સાથેનું યુ.એલ.બી.નું બાંહેધરી પત્રક સહી-સિક્કા સાથે અત્રેની કચેરીને નાણાં ચૂકવણીની નવી દરખાસ્ત મારફતે મોકલી આપવાના મેસેજ વોટ્સએપ ઉપર લાભાર્થીઓને મોકલાયા છે. અનેક લાભાર્થીઓ પાસે સાદો ફોન છે આ સંજોગોમાં પાલિકા વિસ્તારના તમામ લાભાર્થીઓ સુધી આ વિગતો પહોંચી હશે ખરી..?? ટૂંકમાં ગાંધીનગર સમાચારના ચોટદાર અહેવાલ પછી પગ નીચે રેલો આવતાં બચવા માટે આ નવો કીમીયો ઘડ્યાની લોકચર્ચા છેડાઈ છે.

કહેવત છે કે સરકારી તંત્રમાં ખોટું કર્યું હોય તો આખે આખું ઉંટ નિકળી જાય અને ક્યાંક સોય પણ ન નિકળે..બસ આવી સ્થિતિ બાયડ પાલિકા વિસ્તારમાં જોવા મળી છે. ભૂગર્ભ ગટર સફાઈ યોજનાનો કોન્ટ્રાક્ટર માત્ર દેખાડા પૂરતી કામગીરી કરે છે. ટેન્ડર પ્રમાણે વાહનો અને ટેકનિકલ સ્ટાફ નથી છતાં દર મહિને અધધ રૂા.૩.૭૮ લાખનું ચૂકવણું થાય છે છતાં કોઈ બોલનારૂ નથી અને બાયડના રહીશ એવા અનેક ગરીબ પરિવારો પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થી હોવા છતાં છેલ્લા દોઢ-૨ વર્ષથી તેમની દરખાસ્તો સંતાડી દેવામાં આવી છે. તો કેટલાકની દરખાસ્તો મંજૂર થયા પછી હપ્તા ચૂકવવામાં ઠાગાઠૈયા થઈ રહ્યા છે. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા અહેવાલ પછી લાભાર્થીઓને એફોડેબલ હાઉસીંગ મિશન-ગાંધીનગર દ્વારા મેસેજ મોકલવામાં આવ્યો છે અને તેમાં પોતાની ભૂલ સ્વીકારવાના બદલે લાભાર્થીઓને પ્લીન્થ / ફાઉન્ડેશન લેવલના જી.ઓ.ટેગ કરવા માટે પૂરતો સમય ફાળવવામાં આવ્યો છે છતાં આજદિન સુધી આ સાથે સામેલ લાભાર્થીઓનું પ્લીન્થ/ફાઉન્ડેશન લેવલના જી.ઓ. ટેગીંગ કરવામાં આવ્યા નથી જેથી આવા લાભાર્થીઓ ઉપરોક્ત મુજબની પાત્રતા ન ધરાવતા હોવા છતાં અત્રેની કચેરીને દરખાસ્ત કરવામાં આવે છે જે યોગ્ય જણાતું નથી તેવા જવાબ આપવામાં આવ્યા છે તો પછી તમારી જ એજન્સીના આ વિસ્તારમાં ગેરકાયદે નિમેલા એજન્ટે બાયડ પાલિકાના લાભાર્થીઓ પાસેથી માતબર રકમ ખંખેરી તેમાં જવાબદારી કોની..?? બાયડ પાલિકામાં અનેક લોકો એવા છે કે તેમને પ્રધાનમંત્રી આવાસ યોજનાનો લાભ મળવાપાત્ર ન હોવા છતાં લાભ મેળવ્યો છે તેવા આક્ષેપોમાં તથ્ય છે કે કેમ..?? તેની પણ તપાસ થવી જોઈએ.

**પ્લીન્થ-ફાઉન્ડેશન લેવલના જી.ઓ.ટેગ કરેલ ન હોવાથી હપ્તાની દરખાસ્ત રદ, પગ નીચે રેલો આવતાં નવો કીમીયો**

### પ્રધાનમંત્રી આવાસ યોજના

# બાયડ જિલ્લાના એક લાખથી વધુ લાભાર્થીઓ ચાર મહિનાથી હપ્તાની રાહમાં

## સિમેન્ટ, ઈંટો, લોખંડ બાકી આપનારાની ઉઘરાણી વધતાં હોમ ક્વોરન્ટાઈન જેવી સ્થિતિ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨
કોરોના વકરતાં સેંકડો લોકો સંક્રમિત થવાથી હોમ ક્વોરન્ટાઈન છે. જ્યારે પ્રધાનમંત્રી આવાસ યોજનામાં અરવલ્લી જિલ્લાના ૧ લાખથી વધુ લાભાર્થીઓને પ્રથમ, બીજા અને ત્રીજા હપ્તાની રકમ બેન્ક ખાતામાં જમા ન થતાં સિમેન્ટ, ઈંટો, લોખંડ બાકી આપનારાઓની ઉઘરાણી વધતાં લાભાર્થીઓની સ્થિતિ હોમ ક્વોરન્ટાઈન જેવી થઈ છે. તંત્રએ આળસ ખંખેરીને વી.ઈ.સી. દ્વારા મોકલવામાં આવેલા રિપોર્ટ યોગ્ય હોય તો આવા લાભાર્થીઓને તત્કાલ તેમના ખાતામાં હપ્તો જમા કરાવવો જોઈએ અન્યથા પ્રધાનમંત્રી આવાસ યોજનાની જિલ્લામાં મોટાપાયે વગોવણી શરૂ થઈ છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી વર્ષ-૨૦૨૨ સુધીમાં દરેક લોકોનું પોતાનું સ્વપ્રનું ઘર હોય તેવા ઉદ્દેશ્ય સાથે પ્રધાનમંત્રી આવાસ યોજના અમલી બનાવી પરંતુ આશ્ચર્ય વચ્ચે ઉત્તર ગુજરાતના અરવલ્લી જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજનામાં જ મોટાપાયે ખોટું થવાની સાથે લાભાર્થીઓને અનેક વી.ઈ.સી.ઓએ ખંખેરી લીધાના સાચા-ખોટા આક્ષેપ જે તે તાલુકા પંચાયતોમાં પહોંચ્યા હતા પરંતુ તળીયાથી ટોચ સુધી એક જ જમાત હોવાથી મોટાભાગની ફરિયાદોમાં સમાધાન થઈ ગયું. નવેમ્બર-૨૦૨૦ પછી મોટાભાગના લાભાર્થીઓને પ્રધાનમંત્રી આવાસ યોજનામાં પાયા, લીન્ટર અને સ્લેબ એમ ત્રણ તબક્કાવાર પૈકીના કામ પૂરા કર્યા પછી તેની જી.ઓ.ટેગ મોકલવાની કામગીરી પૂરી થઈ છે છતાં લાભાર્થીઓના ખાતામાં પૈસા જમા થતા નથી. અગાઉ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના કારણે આચારસંહિતાનું બહાનું આગળ ધરાતું હતું ત્યારબાદ માર્ચ મહિનો હોવાથી હિસાબી વર્ષની કામગીરી ચાલી રહી છે તેવા જવાબ મળતા હતા અને હવે એપ્રિલ મહિનો અડધો પસાર થઈ ગયો છતાં લાભાર્થીઓના ખાતામાં જે તે હપ્તાની રકમ જમા થઈ નથી. કોઈ લાભાર્થી સદસ્ય અથવા તો સરપંચ દ્વારા ભલામણ કરાવે તો તમારા ત્યાં પ્રધાનમંત્રી આવાસ યોજનાની કામગીરી રૂબરૂ જોવા આવવું પડશે તેમ જણાવી લાભાર્થીઓના અવાજને દબાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. બાયડ, મોડાસા પાલિકા ઉપરાંત બાયડ, ધનસુરા, માલપુર, મેઘરજ, મોડાસા અને ભિલોડા તાલુકાના સેંકડો લાભાર્થીઓને હપ્તાની જે તે રકમ ન મળતાં રોષ ગમે તે ઘડીએ સપાટી ઉપર આવી શકે છે.

## જન્મદિને વધામણી


જય મિતેષકુમાર રાવલ
બાયડ


ધ્રુવિલ મનિષકુમાર ભાવસાર
(ગણેશ મોટર ડ્રાઈવિંગ સ્કુલ-બાયડ)
બાયડ


ધ્રુવિબેન જીતેન્દ્રપૂરી ગોસ્વામી
બાયડ


હેપ્પી અશોકસિંહ પરમાર
મું. હમીરપુરા,
તા. હિંમતનગર.

**ઘરમાં રહો સુરક્ષિત રહો**

### સંક્ષિપ્ત સમાચાર

## રડોદરા પટેલ સમાજનું ગૌરવ



બાયડ : બાયડ તાલુકાના રડોદરા ગામના રાજુભાઈ મણીભાઈ પટેલ(પૂર્વ ચેરમેન : ધી બાયડ તાલુકા પ્રાથમિક ટીચર્સ ધિરાણ મંડળી, ડેમાઈ), લાલપુર પ્રા. શાળા) અને ગોપીકાબેન પટેલની પુત્રી ધ્રૂવિ પટેલે ઉત્તર ગુજરાત યુનિ. દ્વારા લેવાયેલ ફાઈનલ યર એમ.બી.બી.એસ. પરીક્ષામાં ૭૧.૪૪ ટકા સાથે ઉત્તિર્ણ થઈ એન.એચ.એલ. મ્યુનિસિપલ મેડીકલ કોલેજ-અમદાવાદ અને રડોદરા તેમજ ચૌધરી સમાજનું ગૌરવ વધારતાં સૌએ અભિનંદન પાઠવ્યા હતા.

# રાજસ્થાન ખાતે યોજાયેલી હોર્સ પ્રદર્શન સ્પર્ધામાં નેત્રામલીના યુવકને બીજા નંબરની ટ્રોફી એનાયત

## જોધપુરના રણસી ખાતે દેશના અલગ-અલગ રાજ્યોમાંથી આવી સ્પર્ધકોએ ભાગ લીધો




નેત્રામલી, તા. ૧૨
આજના આધુનિક યુગમાં માનવીને કંઈક અલગ-અલગ પ્રકારના મોજ શોખ હોય છે જેમાંથી કંઈ અલગ ઈડર તાલુકાના નેત્રામલી ગામના વતની પટેલ નિર્મેલ શશીકાંત ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા છે પણ નાનપણથી જ ધોડીનો શોખ ધરાવતા આ યુવકે ધોડી નું બચ્ચું નાનપણથીજ વેચાણ રાખી પોતાની ધોડીને શરુઆતથી જ પોતાના પરિવારના સભ્યની જેમ પોતાની પાસે રાખી તેની માવજત કરી આબેહુબ કદાવર બનાવી.જેમા ચાલુ સાલે યોજાયેલી ત્રિદિવસીય રાજસ્થાન મારવાડી હોર્સ સ્પર્ધા ૨૦૨૧ રણસીગામ ,જિ. જોધપુર - રાજસ્થાન ખાતે હોર્સ સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દેશના અલગ-અલગ રાજ્યોમાંથી ધોડીના શોખિન લોકોએ પોતાની ધોડી સાથે આવી આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ધોડીના અલગ અલગ પ્રદર્શન યોજવામાં આવ્યા હતા. જેમાં ધોડીના દાંત સ્પર્ધામાં બે દાંતમાં નેત્રામલીની કેશર ધોડીનો બીજા નંબરે નામ જાહેર કરીને રાજસ્થાન મારવાડી હોર્સ આયોજન સમિતિ દ્વારા રોકડ ઈનામ એકત્રીસ હજાર રૂપિયા અને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.

# પીયરથી પરત ફરી રહેલા વાવડી ગામના દંપતિનું અકસ્માતમાં મોત...




ગાંભોઈ, તા.૧૧
હિંમતનગર તાલુકાના વાવડી ગામના ખેડૂત દંપતી કુન્દનબેન લાલસિંહ મકવાણા (ઉ.વર્ષ ૪૦) તેમના પતિ લાલસિંહ રજુસિંહ મકવાણા (ઉ.વર્ષ ૩૮) સાથે રવિવારના રોજ સવારે તેમના પીયર રાયગઢ ગામે ગયા હતા. જેઓ બપોરના બે વાગ્યાના સુમારે પોતાની એક્ટિવા પર પરત આવી રહ્યા હતા ત્યારે શામળાજી- હિંમતનગર નેશનલ હાઈવે પરના નવલપુર-ભટોડા ગામના સ્ટેશન પાસે પાછળથી શામળાજી તરફથી પુરપાટ પુરપાટ ઝડપે આવતી એક કારે જોરદાર ટક્કર મારતા બંને દંપતી રોડ પર ફંગોળાઈ પટકાયા હતા. જેથી તેઓને શરીરે ગંભીર ઈજાઓના કારણે બંનેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જેની જાણ સ્થાનિકો દ્વારા ગાંભોઈ પોલીસને કરતા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે આવી તેમના પરિવારજનોને જાણ કરી બંનેની લાશોને પીએમ માટે ગાંભોઈ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં મોકલી આપી હતી.